રાષ્ટ્રસંત પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજના ૮૭ મા જન્મદિનની ઉજવણી સેક્ટર-૨૨ જૈન દેરાસર ખાતે કરવામાં આવી હતી. આ અવસરે નિઃશુલ્ક દિવ્યાંગ સાધન સહાયતા શિબિર યોજાઈ હતી.

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

મે અગાઉનાં મંત્રીને આર્શિવાદ આપ્યા હતા તેવા જ તને આપું છું કે સાશ્વત સમય રાજ કરો...!!

વૈષ્ણોદેવી મંદિરમાં તસ્કરો ત્રાટક્યા : ૩.૮૬ લાખની ચોરી

ચાંદીની પાદુકા નંગ-૮, ચાંદીના યંત્ર નંગ-૬, ચાંદીનું ચવટ અને પ્રિયાસેલ કંપનીનો પંપ લઈ ચોર ઈસમો ભાગી છુટ્યા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર-સરખેજ માર્ગ પર વૈષ્ણોદેવી મંદિરમાં ગત રાત્રીએ તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ મંદિરના મુખ્ય ગર્ભગૃહના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી મંદિરમાં મુકેલી ૧.૯૨ લાખની ૮ નંગ ચાંદીની ચરણ પાદુકા, રૂ. ૧.૮૦ લાખના ચાંદીના યંત્ર નંગ-૬ તેમજ રૂ. ૧૨ હજારનું ચાંદીનું ચવટ સહિત ૩.૮૬ લાખની મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે મંદિરના ટ્રસ્ટીએ ફરિયાદ નોંધાવતા અડાલજ પોલીસે ગુનો નોંધી ચોર શખ્સોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ સિંન્ધુભવન માર્ગ પર ઓરનેટ પાર્ક વિભાગ-૧ મ.નં. ૨૩, ખાતે રહેતા રહેતા મુકેશભાઈ રામલભાયા વર્મા (ઉં.વ.૬૨) પરિવાર સાથે રહે છે અને બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનના વેપાર સાથે સંકળાયેલા છે. જ્યારે મુકેશભાઈ વૈષ્ણોદેવી મંદિરના ટ્રસ્ટી તરીકે સેવા આપે છે. ત્યારે વૈષાણોદેવી મંદિરમાં દેખરેખ રાખતા પૂર્વેશ શૈલેષભાઈ વ્યાસે મુકેશભાઈને ફોન કરીને મંદિરમાં ચોરીથી હોવાની જાણ કરી હતી. બનાવની જાણ થતાં અડાલજ પોલીસનો સ્ટાફ પણ મંદિર ખાતે દોડી જઈને તપાસ શરૂ કરી હતી.

જ્યારે ટ્રસ્ટી આવીને તપાસ કરતા મંદિરના ઉપરના મુખ્ય ગર્ભગૃહના દરવાજાનો નકુચો તોડી ચોર શખ્સો અંદર પ્રવેશ કરી માતાજીની મૂર્તિ આગળના ભાગે મુકેલા ૫૦૦ ગ્રામ વજનના ચાંદીના ૬ યંત્ર કિં. ૧.૮૦ લાખ તેમજ ૫૦૦ ગ્રામ વજનની ચાંદીની ૬ નંગ પાદુકા કિ. રૂ. ૧.૮૦ લાખ, તે ઉપરાંત ૧૦૦ ગ્રામ વજનની બે પાદુકા કિ. ૧૨ હજાર, એક ચવટ કિ. રૂ. ૧૨ હજાર સહિત મંદિર આગળની રૂ. બે હજારનો પંપ પણ ચોર શખ્સો ઉઠાવી પલાયન થઈ ગયા હતા.

ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી ચોર શખ્સો તરખાટ મચાવી રહ્યા છે. રહેણાંક વિસ્તારમાં પણ બંધ મકાનને ટાર્ગેટ કરી ચોરી કરી સિફતપૂર્વક પલાયન થઈ જાય છે. તાજેતરમાં જ અડાલજ સ્થિત શનિદેવ મંદિર ખાતેની ચોર શખ્સો આવી દાન પેટી ઉઠાવી ગયા હતા. ત્યારે વૈષ્ણોદેવી મંદિરમાં ચોર શખ્સોએ ત્રાટકી મંદિરમાં પ્રવેશી ચાંદીની પાદુકા અને ચાંદીના યંત્ર સહિત રૂ. ૩.૮૬ લાખની મત્તાની ચોરી કરી શખ્સો પલાયન થઈ જતાં અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- તા. ૧૬, ૧૭, ૧૮ જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા યોજાયેલ નિદાન કેમ્પોમાં ૧૫૦૦ જેટલા લાભાર્થીઓએ આયુષ તબીબોની સલાહ માની હતી.
- ગઈકાલે જિલ્લામાં ૭૧ સ્થાનો પર યોજાયેલ મેડિકલ કેમ્પોમાં ૬૩૦૦ થી વધુ લોકોએ લાભ લીધો હતો. આ કેમ્પોમાં ૪૦૦૦ જેટલા લોકો સામાન્ય બિમારીથી પીડાતા જણાયા હતા.
- જિલ્લામાં ચાલી રહેલી બેવડી ઋતુને કારણે ૮૨૦૦ થી વધુ લોકોએ આયુર્વેદ અને મેડિકલ કેમ્પોમાં સારવાર લીધી હતી જે જિલ્લામાં આરોગ્ય સેવાઓ પર કથળેલી સ્થિતિની અસરો દર્શાવે છે.
- જિલ્લામાં ૨૦૮ ગામોમાં વેક્સિનેશનના પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ થઈ છે.
- જિલ્લા વહીવટીતંત્ર આજે આખો દિવસ વિવિધ જિલ્લાકક્ષાની બેઠકોમાં વ્યસ્ત હતુ.
- રાષ્ટ્રીય સંત પ.પૂ. આચાર્ય પદ્મસાગર સુરીશ્વરજી મહારાજ સા. આજે ચૈત્ય પરિપાટી માટે પેથાપુર જશે.
- ગાંધીનગર કલેક્ટર કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજો બજાવતા દિલીપભાઈ રાવલના યુવાન પુત્ર હર્ષનું દુઃખદ અવસાન થતાં કલેક્ટર કચેરીમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગરના મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલ અને તેમની ટીમે આજે ખોરજ અને ઝુંડાલની ટાઉન પ્લાનીંગ સાઈટોની મુલાકાત લઈ ખેડૂતો તેમજ બિલ્ડરો સાથે બેઠક કરી તેમના પ્રશ્નોના નિકાલની કામગીરી કરી હતી.
- રાજ્યના અધિક નિયામક (જાહેર આરોગ્ય) એ આજે વિડીયો કોન્ફરન્સ કરી અને વાહકજન્ય રોગચાળાની જિલ્લાઓની સ્થિતિ અંગે સમીક્ષા કરી માર્ગદર્શન આપ્યુ હતુ.

સેક્ટર-૩૦ સર્કલ પાસેથી ચોરીના બાઈક સાથે શિક્ષક ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૮

શહેરના સેક્ટર-૩૦ સર્કલ પાસેથી ચોરીના બાઈક સાથે શિક્ષક ઝડપાયા છે. આ બાઈક હિંમતનગર વિસ્તારમાંથી નવ વર્ષ અગાઉ ચોરી થયુ હતુ. એલસીબી પોલીસે રૂ. ૨૦ હજારનું બાઈક કબ્જે લઈને શિક્ષક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ એચ.પી. ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.જી. ચેનુરકાર અને ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે સમયે ધીરેન્દ્રસિંહ અને દિગ્વિજયસિંહને બાતમી મળી હતી. વાવોલ ખાતે રહેતા જનક મંગળભાઈ ઓઝા ચોરીનું મોટરસાયકલ ફેરવે છે અને હાલ તે ચોરેલા બાઈક સાથે સેક્ટર-૩૦ સર્કલ પાસે ઉભા છે. જેને પગલે પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ તપાસ કરતા બાઈક સાથે જનક મંગળભાઈ ઓઝા (ઉં.વ. ૪૪, રહે. ૧૨/એ સાલ્વીક હોમ્સ વાવોલ) ને પકડી પાડ્યો હતો. આ શખ્સ પાસે રહેલ બાઈકની આગળ-પાછળ નંબર

પ્લેટ જોતા જીજે-૧-આર.૨૦૧૦ લખ્યુ હતુ. જ્યારે ચેસીસ નંબર સાથે છેડછાડ કરી હતી. જ્યારે નંબર પ્લેટ શંકાસ્પદ લાગતા એન્જીન નંબરના આધારે તપાસ કરતા બાઈકનો નં. જીજે-૯-એએમ-૭૫૦૫ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે સોફ્ટવેર મગાવી તપાસ કરતા હિંમતનગર એ-ડિવિઝન પોલીસમથકે ગુનો નોંધાયો છે. પોલીસે રૂ. ૨૦ હજારનું બાઈક કબ્જે લઈ આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જુસિકા સંચાલિત રૂદ્રભૂમિ અંતિમધામ ખાતે સી.એન.જી. ગેસ ભઠ્ઠી બંધ

ગાંધીનગર, તા. ૧૮

જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ સંચાલિત રૂદ્રભૂમિ અંતિમધામ સરગાસણ ખાતે સી.એન.જી. ગેસ ભઠ્ઠીમાં રિપેરીંગ કામ હોવાના કારણે ગેસ પ્લાન્ટ બંધ રહેશે. જેની ગાંધીનગરના નગરજનોને સંસ્થા દ્વારા જાણ કરવામાં આવે છે. લાકડામાં અંતિમ સંસ્કાર કાર્યરત છે. રૂદ્રભૂમિ અંતિમધામ ખાતે નગરજનો સેવાનો લાભ લઈ શકશે. ગેસ પ્લાન્ટ ચાલુ થતાં સંસ્થા દ્વારા ફરીથી નગરજનોને જાણ કરવામાં આવશે તેમ જણાવાયુ છે.

સેકટર-૭ની પ્રાથમિક શાળા સામે આવેલ વિશાળ આંબો સુકાઈ ગયો છે. આ આંબો વાહનચાલકો અને રાહદારીઓ માટે જોખમરૂપ હોઈ તેને વનવિભાગે પાડવાનો નિર્ણય લીધો હતો. આ કામગીરી દરમિયાન માર્ગને અવરજવર માટે બંધ કરવામાં આવ્યો હતો.

જાયન્ટસ ગ્રુપ દ્વારા જાયન્ટસ વીકની ઉજવણી

ગાંધીનગર, તા.૧૮

જાયન્ટસ ગ્રુપ ઓફ ગાંધીનગર મેઈન તથા સાહેલીના સહયોગથી જાયન્ટસ વીકની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત સે-૨ ઉના ગાર્ડન પાછળના જાયન્ટસ વનમાં બોર્ડર ઉપર ડેકોરેટીવ બોટલપામના ૨૦ છોડની વાવણી કરી હતી. જેમાં જાયન્ટસ ગ્રુપના બ્રાન્ચ પ્રમુખ બી.એમ. પટેલ, ઉપપ્રમુખ સાંકાભાઈ, યુ.ડી. ગાયત્રી પટેલ, નટુભાઈ પટેલ, મેઈન ગ્રુપના પ્રમુખ વિકેશ પટેલ, નવિન પટેલ, આર.આઈ. પટેલ, જીતુભાઈ, અશોકભાઈ, સાહેલી પ્રમુખ, સોનલબેન વગેરેએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

કેપિટલ રેલવે સ્ટેશને પોલીસ ચોકીની વ્યવસ્થાની વસાહત મહામંડળની માંગ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા નવા કેપિટલ રેલવે સ્ટેશને પોલીસ ચોકીની વ્યવસ્થા કરવાની માંગ કરવામાં આવી છે. કેપિટલ રેલવે સ્ટેશન બનાવવામાં કરોડો રૂપિયા ખર્ચાઈ ગયા છે. પરંતુ નવા કે જુના રેલવે સ્ટેશન પર સલામતીની કોઈ વિચારણા કરવામાં આવી નથી. લીલા હોટેલ જેવી ફાઈવસ્ટાર સુવિધા ઉભી કરતી વખતે આ વિસ્તારમાં પોલીસ સ્ટેશનની જોગવાઈ કરી નથી તેથી સ્ટેશન અને સમગ્ર વિસ્તાર રામભરોસે છે. એસ.ટી. સ્ટેન્ડ, સીટી બસ સ્ટેન્ડ સલામતી વગર નિરાધાર અવસ્થામાં હોઈ નાગરિકો યોગ્ય આયોજન જંખી રહ્યા છે તેથી અરૂણ બુચ, મયુર, વ્યાસ, શશીકાંત મોઢા, કશ્યપ મહેતા, પ્રદિપ સોલંકી, ભાનુભાઈ દવે, પોરીયા વગેરે નાગરિકો રજૂઆત કરી રહ્યા છે તેથી યોગ્ય આયોજન કરવા તંત્રને વિનંતી કરી હતી.

સેકટર-૨૦ની સરકારી શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ

નાગરિક સંરક્ષણ કચેરી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તારીખ ૧૫ થી ૩૦ દરમિયાન વ્યાપક પ્રમાણમાં વક્ષારોપણની કામગીરી કરવામાં આવે તે પ્રકારનું આયોજન કરાયું છે. આ આયોજન અંતર્ગત નાગરિક સંરક્ષણ કચેરી દ્વારા વનશ્રી ટ્રસ્ટના સહયોગથી સરકારી પ્રાથમિક શાળા સેકટર-૨૦ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. તથા રોપાઓની સાર સંભાળ માટે વિદ્યાર્થીઓને નોમીનેટ કર્યા હતા. આ કાર્યક્રમમાં નાગરિક સંરક્ષણ કચેરીના પી.ડી. શ્રીમાળી, હર્ષ પી. ત્રિવેદી, મહેશભાઈ બી. દરજી, અંજનાબેન નિમાવત, મહાવીરભાઈ સી. નિમાવત, વિજયભાઈ સોલંકી, શાળાના આચાર્ય કૈલાશબેન ગામેતી, પન્નાબેન નાયક તથા અન્ય શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

સરકારી પ્રાથમિક શાળા સે-૧૩માં કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

જિલ્લા કાનૂની સેવાસત્તા મંડળના ઉપક્રમે સેકટર-૧૩ સરકારી પ્રાથમિક શાળા ખાતે કાનૂની શિબિર યોજાઈ હતી. આ કાનૂની શિબિરમાં પેરાલિગલ એડવાઈઝર વિમલાબેન અયાચી, સુધિરભાઈ દેસાઈ, બ્રહ્મસમાજ મહિલા પાંખના સભ્ય ભાવનાબેન પાઠક અને સ્કૂલના આચાર્ય શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન નિવૃત્ત શિક્ષક ભાનુબેન ઠક્કરે કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમમાં શાળાના શિક્ષકગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઘરકંકાસથી અકળાયેલી મહિલાનો જીવ બચાવવામાં જીવન આસ્થા સફળ

ગાંધીનગર, તા. ૧૮

આજના યુગમાં માનવી અનેક પ્રકારની સમસ્યાઓથી ઘેરાયેલો રહે છે, જેના કારણે ક્યારેક અકળાઈને મુક્તિ મેળવવા પોતાના જીવનને અકાળે ટુંકાવવા જેવા આત્મઘાતી નિર્ણય કરી બેસે છે જે માત્ર ક્ષણિક આવેગનો ભાગ છે. જો આ નબળી ક્ષણો હેમખેમ પસાર થઈ જાય તો માનવી ફરી જીવનના ઉપવનમાં સુખની સુવાસ માણતો થઈ શકે છે. આજે ઘરકંકાસથી કંટાળેલી એક પરિણીતા શહેર નજીક સુઘડથી પસાર થતી નર્મદા મેઈન કેનાલમાં ઝંપલાવવા પંહોચી ગઈ હતી પણ સદભાગ્યે આ નબળી ક્ષને તેણે જીવન આસ્થા હેલ્પલાઈનને કોલ કરવાની સદબુધ્ધિ સુઝી હતી જે તેના માટે જીવ બચાવનારો સાબિત થયો હતો.

કપરાં કોરોના કાળના પગલે વેપાર-ધંધામાં મંદી આવી જતાં થયેલી નુકશાનીને ભરપાઈ કરવાં માટે પતિનું ધ્યાન ધંધામાં રહેવાને કારણે ઘર પરિવાર પર પુરતું ધ્યાન આપવું મુશ્કેલ બન્યું હતું, જ્યારે પત્નિ પણ સાત વર્ષની દીકરી અને ઘરની જવાબદારીમાં વ્યસ્ત રહેતા સમયાંતરે બંને વચ્ચે અંતર વધવા લાગ્યું હતું જે ધીમે ધીમે નાના-મોટા ઘરકંકાસમાં પરિવર્તિત થવા લાગતાં શરૂઆતમાં સામાન્ય બોલાચાલીથી માંડીને ઉગ્ર ઝગડાંઓ સુધી પંહોચી જતા પત્નિ માનસિક તણાવ અનુભવવા લાગી હતી. આ દરમ્યાન મોટો કંકાસ થઇ જતાં અકળાઈ ઉઠેલી પત્નિએ આપઘાત કરવા માટે સુઘડ નર્મદા કેનાલની વાટ પકડી લીધી હતી. કેનાલ પર પંહોચ્યા પછી તેનો આવેશ થોડો શાંત થતાં તેણે જીવન આસ્થા હેલ્પ લાઈનમાં ફોન કરી પોતાની આપવીતી જણાવી મોતને વ્હાલું કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. આ સાંભળી સ્થિતિ પારખી ગયેલી જીવન આસ્થા હેલ્પ લાઈનની કાઉન્સિલરે હતાશ મહિલા સાથે સમજાવટભરી વાતચીત સતત ચાલુ રાખી તુરંત તેનું લાઈવ લોકેશન મેળવી લીધું હતું. જે અંગે એક તરફ સ્થાનિક પોલીસને જાણ કરી અને બીજી તરફ પરિણીતા સાથે કાઉન્સિલિંગ ચાલુ રાખ્યું જેથી તે કેનાલમાં છલાંગ ના લગાવી દે. કાઉન્સિલરની આ સમયસૂચકતા કામ કરી ગઈ અને વાતચીત દરમ્યા અડાલજ પોલીસની પીસીઆર તાત્કાલિક કેનાલ પર પહોંચી ગઈ હતી અને મહિલાને આપઘાત કરતાં બચાવી લેવાઈ હતી. આ સાથે મહિલાના પરિવારજનોને પણ કેનાલ પર બોલાવી લઈ દંપતી વચ્ચે સમાધાન કરાવ્યું હતું. જીવનઆસ્થા હેલ્પલાઈનના સતત પ્રયાસોના કારણે જીવન ટુંકાવવા નીકળેલી પરિણીતાને નવું જીવન મળ્યું હતું. જીવન આસ્થા હેલ્પલાઈનની આ કામગીરીને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ બિરદાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જીવન આસ્થાનું સંચાલન લાયઝન અધિકારી પ્રવીણ વાલેરા સભાળે છે.

વરસાદની સીઝનમાં શહેરમાં જાતભાતની વનસ્પતિ ઉગી નીકળે છે. વરસાદી પાણીથી સ્વચ્છ બનેલા વૃક્ષો તો લીલાછમ લાગે જ છે પણ સાથોસાથ ઠેર ઠેર ઉગેલુ ઘાસ અને સીઝનલ વનસ્પતિ શહેરને વધુ હરિયાળુ બનાવે છે. ક્યારેક અચરજ પમાડે તેવી વનસ્પતિ પણ અહીં જોવા મળી જાય છે. શહેરમાં ઘણા વૃક્ષોના થડ પર આ સિઝનલ બીલાડીની ટોપ તરીકે ઓળખાતી વનસ્પતિ ઉગી નીકળે છે તે અહી દેશ્યમાન થાય છે.

એચ.વી. અને વી.એમ. પટેલ બાલમંદિરમાં જીવન વ્યવહારની પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

વી.એમ. પટેલ કુમાર અને એચ.વી. પટેલ કન્યા બાલમંદિરમાં ઓનલાઈનજીવન વ્યવહારની પ્રવૃત્તિના ભાગ રૂપે લીંબુ શરબત બનાવવાનું આયોજન કરાયું હતું. જેમાં બધા બાળકોએ સહર્ષ ભાગ લીધો હતો અને આનંદથી શરબત બનાવીને પીધું હતું.

સમર્પણ કોલેજના અધ્યાપક ઠાકોરભાઈ નાયકને પીએચ.ડી.ની પદવી એનાયત

ગાંધીનગર, તા.૧૮

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના અધ્યાપક ઠાકોરભાઈ નાયકે ઉમા આર્ટસ કૉલેજના સંસ્કૃતના નિવૃત્ત અધ્યાપક ડૉ. યોગીનીબેન વ્યાસના માર્ગદર્શન હેઠળ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટીમાંથી 'શ્રી હરીવંશપુરાણમાં શ્રીકૃષ્ણચરિત્ર : એક સમીક્ષાત્મક અધ્યયન' વિષય પર સંસ્કૃતમાં પીએચ.ડી.ની પદવી હાંસલ કરી છે. સમગ્ર સમર્પણ કૉલેજ પરિવારે તેમની આ ઉપલબ્ધિ બદલ તેમને અભિનંદન પાઠવ્યાં છે.

સાંઈકૃપા સેવા ટ્રસ્ટ દ્વારા સે-૩/ડી ખાતે ભાગવત કથાનું આયોજન

ગાંધીનગર, તા.૧૮

સાંઈકૃપા સેવા ટ્રસ્ટ, સેકટર-૩-ડી દ્વારા ભાદરવા માસના પાવનકારી શ્રાધ્ધ પર્વમાં ૨૨ થી ૨૫ તારીખ સુધી ભાગવત કથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. શહેરના તમામ ભાવિક ભકતોને કથાનું રસપાન કરી પુણ્ય કમાવવા સાંઈકૃપા સેવા ટ્રસ્ટ તરફથી ભાવભીનું આમંત્રણ છે. આ ભાગવત કથા સાંઈબાબા મંદિર ખાતે ૨.૩૦ થી ૫.૩૦ વાગે યોજાશે. જેમાં યુવા કથાકાર પાર્થ શાસ્ત્રી દ્વારા ભાગવત કથા યોજાશે.

મણી પ્રભુ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને કોરિયન ટેકવોન્ડોમાં બ્લેક બેલ્ટ

મણી પ્રભુ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ કોરિયન ટેકવોન્ડોમાં બ્લેક બેલ્ટની પદવી મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. ગુજરાત સ્ટેટ ટેકવોન્ડો એસોસિએશન દ્વારા બ્લેક બેલ્ટ એકઝામ લેવામાં આવી હતી. જે ગૌતમ જાદવ અને રાજુ ચાવડાના માર્ગદર્શન હેઠળ લેવાઈ હતી. જેમાં ખુશાલી રોડ, શ્રેષા કાપડિયા, પ્રાંજલ સોલંકી, નિધિ સોલંકી, તનીષ રાણા, યક્ષ પટેલે સેકન્ડ ડેન બ્લેક બેલ્ટ મેળવ્યો હતો. કિશન ગરોડએ ફર્સ્ટ ડેન બ્લેક બેલ્ટ મેળવ્યો હતો. આ સિધ્ધી બદલ તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના ટ્રસ્ટી ભારતીબેન એમ. પટેલ, મુકુન્દભાઈ જી. પટેલ, મુકેશભાઈ પ્રજાપતિ તથા પ્રભાતસિંહ ઠાકોરે અભિનંદન પાઠવ્યા હતા.